પાયવિહિ, ૨૨. સુહુમત્થવિચારલવ (અપ્રાપ્ય), ૨૩. ઉવએસપદ (ઉપદેશપદસુખ સંબોધિની ટીકા, ગ્રંથાગ્ર: ૧૪૦૦૦), ૨૪. કમ્મયપડી ટિપ્પન (કર્મપ્રવૃત્તિ-વિશેષવૃત્તિ), ૨૫. ધર્મબિંદુ-વિવૃત્તિ (ગ્રંથાગ્ર : ૩૦૦૦), ૨૬. લલિતવિસ્તરા-પંજિકા, ૨૭. અનેકાંતજયપતાકોદ્દ્યોતદીપિકા-ટિપ્પનકમ્, ૨૮. શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, ૨૯. કલિકુંડ પાર્શ્વનાથ સ્તવન.

આચાર્ય મુનિચંદ્રસૂરિ વિ. સં. ૧૧૭૮ના કાર્તિક વદિ પાંચમના દિવસે પાટણમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના શિષ્ય આચાર્ય વાદિદેવસૂરિ આ સમયે હાજર હતા. તેમણે એ સમયે 'ગુરુવિરહવિલાપ' તથા 'મુણિચંદસૂરિ થૂઈ' રચ્યાં હતાં.

## મહાન પ્રવચનકાર અને મહાન ભાષ્યકાર

# મલધારી આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ

મલધારી શ્રી હેમચંદ્રસૂરિ હર્ષપુરીયગચ્છના શ્રી વિજયસિંહસૂરિના પ્રશિષ્ય અને મલધારીય-ગચ્છના પ્રવર્તક શ્રી અભયદેવસૂરિના શિષ્ય હતા. એ સમયે એટલે કે, ગુજરાતમાં સિદ્ધરાજ અને કુમારપાળના શાસનસમયે જૈનશાસનમાં શ્રી હેમચંદ્રસૂરિ નામના ત્રણ સમર્થ આચાર્યો વિદ્યમાન હતા. તેમાં મલધારી શ્રી હેમચંદ્રસૂરિ ઉંમરમાં સૌથી મોટા હતા; શાંત અને પ્રભાવક હતા.

મલધારી અભયદેવસૂરિના ઉપદેશથી મહાઅમાત્ય પ્રદ્યુમ્ન વૈરાગ્ય પામ્યા ત્યારે લાખોની મિલકત, સ્વરૂપવાન પત્નીઓ, એશોઆરામ અને મંત્રીપદને તિલાંજલિ આપીને દીક્ષા લીધી અને શાસ્ત્રો ભણી-ગણીને ગુરુમહારાજના હાથે આચાર્યપદ પ્રાપ્ત કર્યું, તેઓ જ આગળ જતાં મલધારી હેમચંદ્રસૂરિના નામથી ખ્યાતિ પામ્યા.

શ્રી હેમચંદ્રસૂરિ નમ્ર, વિનયશીલ, પરમ શાંત, બહુશ્રુત, સત્યપ્રિય અને સ્થિતપ્રજ્ઞ હતા. તેમની જીવનઘટનાઓ અને તેમના આ ગુણોની ઝલક તેમના ગ્રંથોમાં મળે છે. તેઓ વિશેષ પ્રમાણમાં 'ઉપમિતિભવપ્રપંચકથા'નું વ્યાખ્યાન આપતા હતા અને ત્યારથી જ એ કથા વધુ પ્રસિદ્ધિ પામી. રાજા સિદ્ધરાજ તેમના નૈસર્ગિક ગુણોથી આકર્ષાયા હતા. શ્રી હેમચંદ્રસૂરિના વ્યાખ્યાનમાં તેઓ સપરિવાર જતા અને એકાગ્ર ચિત્તે વ્યાખ્યાનશ્રવણ કરતા. અવારનવાર દર્શનાર્થે જતા અને આલાપ-સંલાપ પણ કરતા અને કોઈ કોઈ વાર રાજમહેલમાં આચાર્યશ્રીની પધરામણી પણ કરાવતા. રાજાએ તેમના ઉપદેશથી ગુજરાતનાં જિનમંદિરો ઉપર સોનાના કળશ ચઢાવ્યા હતા. વળી, રાજા સિદ્ધરાજે તેમના કહેવાથી ધંધુકા, સાચોર વગેરેમાં જૈનોને થતી કનડગત અને જૈનોની રથયાત્રાના ઉત્સવોમાં નંખાતા વિઘ્નોને દૂર કરી પાકો પ્રબંધ કરાવ્યો હતો. તેમ જ રાજ્યના અમલદારોએ જોહુકમીથી બંધ કરેલ મંદિરના લાગા ફરીથી ચાલુ કરાવ્યા હતા અને કોઈ કોઈ ગામોમાં તે લાગાની રકમ રાજખજાનામાં દાખલ થઈ ગઈ હતી તે પણ જૈન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દેરાસરોને પાછી અપાવી હતી. એક દિવસ રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીના ઉપદેશથી અતિ પ્રસન્ન થઈ દર સાલ વર્ષના ૮૦ દિવસોમાં અમારિશાસન કર્યું. તે શાસન તામ્રપત્ર પર લખાવી આચાર્યશ્રીને અર્પણ કર્યું હતું. આચાર્ય દેવપ્રભસૂરિ સિદ્ધરાજના એ શાસનને ટૂંકમાં આ રીતે રજૂ કરે છે : 'મલધારી શ્રી અભયદેવસૂરિના પટ્ટરૂપી આકાશમાં શ્રી હેમચંદ્ર રૂપી ચંદ્ર ઊગ્યો. રાજા સિદ્ધરાજે તેના વચનરૂપી અમીનું પાન કર્યું અને રાજ્યના સૌ પ્રાણીઓ દીર્ઘાયુષી બન્યાં.'

શ્રી હેમચંદ્રસૂરિના ઉપદેશથી પાટણથી ગિરનારતીર્થ અને શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ નીકળ્યો. આચાર્યશ્રી પણ સાથે જ હતા. શ્રીસંઘે વણથલી (વંથલી)માં પડાવ નાખ્યો. સંઘના પુરુષો અને સ્ત્રીઓ મૂલ્યવાન વસ્ત્રો અને રત્નજડિત દાગીના પહેરી દેરાસરમાં દર્શન-પૂજાદિ કરી રહ્યાં હતાં. સંઘપતિ પાસે ઘણું ધન સાથે હતું. આ બધું જોઈ સોરઠના રાજા રા'ખેંગારની દાનત બગડી. પાસવાનોએ પણ રાજાને ચડાવ્યો કે, "રાજન્! સમજી લે કે ગુજરાત–પાટણનું ઘણું ધન તારા પુણ્યપ્રતાપે તારા આંગણે આવ્યું છે. માન કે, લક્ષ્મી તને ચાંલ્લો કરવા આવી છે. માટે રાજન્! આ સંઘને લૂંટી લે. તારો ખજાનો છલકાઈ જશે. એક કરોડનું લેખું સંભવે છે." આ સાંભળી રાજાનું મન પીગળી ગયું. તેણે સર્વકાંઈ લૂંટી લેવાનો મનસૂબો કરી લીધો. પણ તેને રાજમર્યાદાનો ભંગ અને અપયશનો મોટો ડર હતો, તેથી શું કરવું તે વિસામણમાં પડી ગયો. તેણે સંઘને જાણી-જોઈને એક દિવસ વધુ રોકાણ કરાવ્યું. એક દિવસ તે સંઘપતિને મળ્યો જ નહિ. બીજે દિવસે રાજકુટુંબમાં કોઈ મોટું મરણ થયું. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિએ રાજા ખેંગારનું મન પારખી લીધું હતું. તેથી તેમણે દિલાસાના બહાને રાજમહેલમાં જઈ રાજાને ઉપદેશ આપ્યો. તેને નીતિનો માર્ગ દર્શાવ્યો. રાજાએ પણ આ ઉપદેશથી પ્રભાવિત અને પ્રસન્ન થઈ પોતાનો વિચાર બદલી નાખ્યો.

ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહની જેમ શાકંભરીના રાજા પૃથ્વીરાજ અને મહારાજા ભુવનપાલ પણ તેમના પરમ ભક્ત હતા.

ગ્રંથરચના : મલધારી હેમચંદ્રસૂરિ પ્રભાવક પ્રવચનકાર તેમ જ સમર્થ ગ્રંથકાર હતા. વિશેષાવશ્યક વૃત્તિની પ્રશસ્તિમાં તેમણે સ્વરચિત દસ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથનું પ્રમાણ લગભગ લાખ શ્લોક જેટલું થાય છે. આ ગ્રંથોની વિગત નીચે મુજબ છે :

(૧) આવસ્સય ટિપ્પણક : જેનાં બીજાં નામ 'આવશ્યક પ્રદેશ વ્યાખ્યા અને હરિભદ્રીયાવશ્યકવૃત્તિ–ટિપ્પણ પણ છે. એનું ગ્રંથમાન ૫૦૦૦ પરિમાણ છે. (૨) સયગ કમ્મગ્ગંથ વિવરણ : ગ્રંથમાન ૪૦૦૦ પરિમાણ. (૩) અણુઓગદ્દાર સુત્તવૃત્તિ : ગ્રંથમાન ૬૦૦૦ પરિમાણ છે. અનુયોગદ્વારના સૂત્રોની ગહનતાને સરળ અને વિસ્તૃત રીતે સમજાવતી વ્યાખ્યા અને આગમના મર્મસ્પર્શી વિવેચનથી સ્પષ્ટ જાણી શકાય કે ગ્રંથકાર આગમના મર્મજ્ઞ છે. (૪) ઉવએસમાલા–પુષ્ફમાલા પગરણ મૂલ : આ એક પ્રકારનો બૃહદ્ કથાકોષ છે. આમાંની કેટલીક કથાઓ ઉદ્ધૃત છે, કેટલીક કથાઓ સ્વરચિત છે. કથા-સાહિત્યનો આ એક મોટો ખજાનો છે. (૫) પુષ્ફમાલા સ્વોપજ્ઞવૃત્તિ : ગ્રંથમાન ૧૪૦૦૦ પરિમાણ છે. દાન, શીલ, તપ અને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનું વિવેચન ધાર્મિક તથા લૌકિક કથાઓ સાથે વિસ્તારથી કરવામાં આવેલ છે. કેટલીક કથાઓ 'ઉપમિતિભવપ્રપંચકથા'માંથી લેવામાં આવી છે. (૬) જીવસમાસ વિવરણ : ગ્રંથમાન ૭૦૦૦ પરિમાણ છે. વિ. સં. ૧૧૬૪માં પાટણમાં રચેલા આ વિવરણની તાડપ્રતિ આજે ખંભાતમાં વિદ્યમાન છે. એટલે ગ્રંથકારના હાથે જ લખાયેલી આ પ્રતિ મનાય છે. આ ગ્રંથમાં ૧૪ ગુણસ્થાનોનું વિસ્તૃત વિવેચન અને અજીવતત્ત્વનું સંક્ષિપ્ત પ્રતિપાદન કરવામાં આવેલ છે. (૭) ભવભાવના – મૂલ : વૈરાગ્યભાવમાં વૃદ્ધિ કરાવનારી આ પ્રકૃત રચના છે. (૮) ભવભાવના સ્વોપજ્ઞવૃત્તિ : ગ્રંથમાન ૧૩૦૦૦ પરિમાણ છે. ધર્મકથાઓથી સભર આ ગ્રંથ લોકોમાં વિશેષ રુચિકર બન્યો છે. મૂલ અને આ વૃત્તિ (બંને ગ્રંથો)માં બાર ભાવનાઓનું વર્ણન છે. બંને ગ્રંથો વિ. સં. ૧૧૭૦માં મેડતા અને છત્રાપલ્લીમાં રચાયા છે. (૯) નંદિસુત્ત ટિપ્પન : આમાં પાંચ જ્ઞાનની ચર્ચા અનુમાનિત થાય છે. (૧૦) વિસેસાવસ્સય વૃત્તિ : ૨૮૦૦૦ પ્રમાણ હોઈ આને બૃહદ્વૃત્તિ પણ કહેવાય છે. આ વૃત્તિ પાટણમાં વિ. સં. ૧૧૭૫ના કાર્તિક સુદિ પંચમી (જ્ઞાનપંચમી)ના પૂર્ણ થઈ છે. આ વૃત્તિ રચવામાં પં. અભયગણિ, પં. ધનદેવગણિ, પં. જિનભદ્રગણિ, પં. લક્ષ્મણગણિ, મુનિ વિબુધચંદ્ર, સાધ્વી આણંદશ્રી મહત્તરા અને સાધ્વી વીરમતિ ગણિની સહયોગી બન્યાં હતાં. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ 'વિશેષાવશ્યક ભાષ્ય' ઉપર અનેક આચાર્યોએ ટીકાવૃત્તિ રચી છે, તેમાં મલધારી શ્રી હેમચંદ્રસૂરિની આ વૃત્તિ આગવી છે અને તેમની પોતાની રચનાઓમાં આ સૌથી વધુ વિસ્તૃત છે. આ એક દાર્શનિક ગ્રંથ છે. તેને વિષયવાર, પ્રશ્નોત્તર રૂપે સરળ અને સુબોધ શૈલીમાં દર્શાવવાથી આ રચના અધિક પ્રભાવક સિદ્ધ થઈ છે.

તેઓશ્રીનું આ વિપુલ સાહિત્યસર્જન છતાં, તેમનામાં નમ્રતા ને ભવભીરુતા કેવી હતી તેનો પરિચય તેમના જ ગ્રંથમાં આ પ્રમાણે મળે છે :—"મને ગુરુજનોએ જ્ઞાન આપ્યું છે. હું તેમાંથી જે જે સમજ્યો છું તેને આત્મસ્મરણ માટે અહીં ગોઠવ્યું છે. આમાં જે જે દોષો હોય તે મુનિજનોએ મારા ઉપર પ્રસન્ન બનીને શોધવા. કેમકે જગતમાં સૌ કર્મને આધીન છે. સૌ છદ્મસ્થ છે અને મારા જેવા તો સદ્બુદ્ધિવિહોણા છે, ને મતિવિભ્રમ તો કોને થતો નથી ?"

શ્રી હેમચંદ્રસૂરિની જ્ઞાનસંપદાની જેમ શિષ્યસંપદા પણ સમૃદ્ધ હતી. તેમાં શ્રી વિજયસિંહસૂરિ વગેરે ચાર શિષ્યો બહુ પ્રસિદ્ધ હતા. (૧) શ્રી વિજયસિંહસૂરિ કૃષ્ણર્ષિના શિષ્ય શ્રી જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલા' ગાથા : ૯૮નું વિવરણ ગ્રંથમાન ૧૪૪૭૧ પરિમાણ રચ્યું હતું. તેઓ ઘણા શાંત અને રૂપાળા હતા. (૨) શ્રી ચંદ્રસૂરિ : જેઓ રાજા સિદ્ધરાજના લાટ દેશના વિત્તમંત્રી હતા. તેમણે રાજમુદ્રા છોડી દઈ સાધુમુદ્રા ગ્રહણ કરીને જૈનધર્મની પ્રભાવના તેમ જ મુણિસુવ્વયચરિયં, સંગહણીસુત્ત અને લઘુસમાસ ગ્રંથની રચના કરી હતી. (૩) શ્રી વિબુધસૂરિ : તેઓ પણ લાટ દેશના મંત્રી હતા. તેમણે કેટલાક ગ્રંથોનું સંશોધન કર્યું હતું. (૪) પં. લક્ષ્મણગણિ : તેમણે વિ. સં. ૧૧૯૯ના માંડલમાં સુપાસનાહ-ચરિયં ગ્રંથાગ્ર ૧૦૦૦૦ પ્રમાણ રચ્યું હતું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, મલધારી શ્રી હેમચંદ્રસૂરિ તેમના સમયમાં સમર્થ આચાર્ય હતા. તેઓશ્રીએ સાત દિવસના અનશનપૂર્વક પાટણમાં સ્વર્ગવાસ સ્વીકાર્યો. તેમના ગ્રંથોને આધારે તેઓ વિક્રમની બારમી શતાબ્દીના પ્રભાવક આચાર્ય હતા.

## પુણ્યપ્રભાવી, જિનાગમના પારગામી અને મહાન વાદવિજેતા
# આચાર્યશ્રી વાદિદેવસૂરિજી મહારાજ

આબૂ પર્વતની નૈઋત્ય દિશામાં ૨૫ માઈલ દૂર રાજસ્થાનમાં મંડાર નામે ગામ છે. મંડાર ગામ પૂર્વે મહાહડા, મદાહત, મદાર, મડાર વગેરે નામે પ્રસિદ્ધ હતું. ત્યાં વીરનાગ નામે શ્રેષ્ઠિ રહેતો હતો. તેને જિનદેવી નામે પત્ની હતી. એ કુટુંબ શ્રી મુનિચંદ્રસૂરિને ગુરુ તરીકે માનતું હતું. એક વખત જિનદેવીએ સ્વપ્નમાં પોતાના મુખમાં ચંદ્રમાને પેસતા જોયો. ને તેણે વિ. સં. ૧૧૪૩ના માઘ વદિ ૯ના હસ્ત નક્ષત્રમાં પૂર્ણચંદ્ર નામના બાળકને જન્મ આપ્યો. આ બાળક પૂર્ણચંદ્ર તે જ ચરિત્રનાયક શ્રી વાદિદેવસૂરિ મહારાજ.

એક વાર ભયંકર દુષ્કાળ પડતા શ્રેષ્ઠિ વીરનાગ પરિવાર સાથે મંડાર છોડી ભરૂચ આવીને વસ્યો. તે સમયે શ્રી મુનિચંદ્રસૂરિ પણ ભરૂચમાં હતા. તેમના ઉપદેશથી ત્યાંના શ્રાવકોએ વીરનાગ પોરવાલને બધી રીતે સહાય આપી. વીરનાગ ત્યાં વેપાર-ફેરી કરવા લાગ્યો. પૂર્ણચંદ્ર પણ અવારનવાર સાથે જતો હતો. એક વાર કોઈ શેઠ પોતાના સોનામહોરો અને સિક્કા દુર્ભાગ્યે કોલસા અને પત્થર બની જતાં, તેને નકામાં સમજી ઉકરડે નાખી રહ્યા હતા. બાળક પૂર્ણચંદ્રે તે જોયું, અને વિસ્મય પામી કહ્યું કે, "આપ આ કિંમતી સુવર્ણ અને દ્રવ્યને કેમ ફેંકી રહ્યા છો?" શેઠ સમજદાર હતા. તેમને થયું કે આ કોઈ પુણ્યશાળી બાળક છે. જે સુવર્ણ-સિક્કા મને કાંકરા-કોલસા રૂપે દેખાય છે, તે આ બાળકને તેનાં અસલી રૂપમાં દેખાય છે. શેઠે આ રહસ્ય પામી, વાંસની છાબ બાળકને આપતાં કહ્યું કે, "હે ભાગ્યવાન્ ! તું આ સુવર્ણ-સિક્કા છાબમાં ભરી ભરીને મને આપ." બાળક પૂર્ણચંદ્રે તે પ્રમાણે કર્યું. તેના હાથે કાંકરા-કોલસા સુવર્ણસિક્કા બની ગયા. શેઠે પ્રસન્ન થઈ પૂર્ણચંદ્રને એક સોનામહોર આપી.

પિતા વીરનાગે આ સર્વ વૃત્તાંત આચાર્ય મુનિચંદ્રસૂરિને જણાવ્યો. બાળક પૂર્ણચંદ્રમાં કોઈ ઉત્તમ પુણ્યાત્માની ઝાંખી કરાવે તેવાં દિવ્ય લક્ષણો જાણી, શાસનોન્નતિને અહર્નિશ વાંચ્છનારા આચાર્ય મુનિચંદ્રસૂરિએ શ્રેષ્ઠિ વીરનાગને કહ્યું કે-"તમારો પુત્ર ઘણો પુણ્યશાળી છે. જો તે સાધુ થાય તો સ્વ-પરના કલ્યાણપૂર્વક જિનશાસનની ભારે ઉન્નતિ કરશે. માટે તમે તમારો પુત્ર શ્રમણસંઘને અર્પણ કરો." આ વાત સાંભળી શ્રેષ્ઠિ વીરનાગે કહ્યું કે- "ગુરુદેવ! હું વૃદ્ધ થયા છું. તેની માતા પણ વૃદ્ધ છે. અમારે એક જ પુત્ર છે. અમારી વૃદ્ધાવસ્થાનો એ આધાર છે. તો અમારાથી પુત્રનો ત્યાગ કેમ થઈ શકે?"



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org